RCPS-Act. 2013

(૨)



## GUJARAT ACT NO. 16 OF 2013.

## THE GUJARAT(RIGHT OF CITIZENS TO PUBLIC SERVICES) ACT, 2013.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૩ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**સી. જે. ગોઠી,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 16 OF 2013**

**AN ACT**

*to lay down an obligation upon every public authority to render public services within the prescribed time limit and provide for a grievance redressal mechanism to citizens for non-compliance and for the matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૬.**

**(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૩ના એપ્રિલ મહિનાની ૧૫મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)**

*ઠરાવેલી સમય-મર્યાદામાં જાહેર સેવાઓ પૂરી પાડવાની દરેક જાહેર સત્તામંડળની જવાબદારી નક્કી કરવા અને તેનું પાલન ન કરવામાં આવે તેવા સંજોગોમાં નાગરિકો માટે ફરિયાદ નિવારણ તંત્ર પૂરું પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.*

આથી, ભારતના ગણરાજ્યના ચોસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

### પ્રકરણ ૧
### પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે અને અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- **વ્યાખ્યા.**

(ક) "સત્તામંડળ" એટલે કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ રાજ્ય અપીલ સત્તામંડળ;

૨



(ખ) ''ફરિયાદ'' એટલે કલમ ૪ હેઠળ જાહેર કર્યા પ્રમાણેની સેવાઓ પૂરી ન પાડવાને લગતી અથવા જાહેર સત્તામંડળની કામગીરીને લગતી અથવા તેમાંથી ઊભી થતી કોઇ તકરારને લગતી કોઇ નાગરિકે દાખલ કરેલી ફરિયાદ, પણ તેમાં સેવા બજાવતા અથવા નિવૃત્ત જાહેર સેવકની સેવાકીય બાબતને લગતી ફરિયાદનો સમાવેશ થતો નથી;

(ગ) ''દિવસો'' એટલે સમય મર્યાદા-ના સંદર્ભમાં ઉલ્લેખેલ કામકાજના દિવસો;

(ઘ) ''મુકરર સતાધિકારી'' એટલે કલમ ૬ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ ફરિયાદ નિવારણ અધિકારીના દરજ્જાથી ઉપરના દરજ્જાના હોય તેવા જાહેર સત્તામંડળ મુકરર કરે તેવા અધિકારી;

(ચ) ''મુકરર અધિકારી'' એટલે સેવાઓ પૂરી પાડવા માટે કલમ ૫ હેઠળ જેનું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય તેવા અધિકારી;

(છ) ''ફરિયાદ નિવારણ અધિકારી'' એટલે કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલ ફરિયાદ નિવારણ અધિકારી;

(જ) ''સભ્ય'' એટલે કલમ ૧૨ની પેટા-કલમ (૨) હેઠળ રાજય અપીલ સત્તામંડળના સભ્ય તરીકે નિમાયેલ વ્યકિત;

(ઝ) ''ઠરાવેલું'' એટલે કલમ ૨૯ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ટ) ''જાહેર સત્તામંડળ'' એટલે-

(૧) સંવિધાનથી અથવા તે હેઠળ;

(૨) સંસદે ઘડેલા બીજા કોઇ કાયદાથી;

(૩) રાજય વિધાનમંડળે ઘડેલા કોઇ કાયદાથી;

(૪) રાજય સરકારે બહાર પાડેલા કોઇ જાહેરનામા અથવા કરેલા કોઈ હુકમથી સ્થાપાયેલ અથવા રચાયેલ, સરકારનું કોઈ સત્તામંડળ અથવા મંડળ અથવા સંસ્થા અને તેમાં,-

(ક) રાજય સરકારની માલિકીના, તેના નિયંત્રણ હેઠળના અથવા તેના દ્વારા પૂરા પાડવામાં આવતા ફંડમાંથી મોટા પ્રમાણમાં નાણાં મેળવતા કોઇ મંડળનો;

(ખ) રાજય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા ફંડમાંથી મોટા પ્રમાણમાં, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નાણાં મેળવતા કોઇ બિન-સરકારી સંગઠનનો;

(ગ) સંવિધાનના અનુચ્છેદ ૧૨ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેના ''રાજય''ના માધ્યમ તરીકેની હેસિયત ધરાવતા અને ગુજરાત રાજયમાં જાહેર ઉપયોગિતાની સેવાઓ પૂરી પાડતા કોઈ સંગઠન અથવા સંસ્થાપિત મંડળનો;